3 શીલવંત સાધુને



ગંગાસતી

(જન્મઃ 1846, અવસાનઃ 1894)

ગંગાબા કહળસંગ ગોહિલનો જન્મ ભાવનગર જિલ્લાના રાજપરામાં થયો હતો. તેમણે સમાધિ લેતાં પહેલાં તેમનાં શિષ્યા પાનબાઈને બાવન દિવસ સુધી એક-એક રચના સંભળાવી હતી, જે આજે ભજનો રૂપે પ્રચલિત છે. 'વીજળીને ચમકારે', 'મેરુ રે ડગે', 'શીલવંત સાધુને', 'ભક્તિ કરવી તેણે' વગેરે ગંગાસતીનાં જાણીતાં પદો છે.

ગંગાસતી યોગમાર્ગે ખૂબ આગળ વધેલાં હતાં. જ્ઞાનમાર્ગની ઉત્તમ રચનાઓ તેમની પાસેથી મળે છે. મનુષ્યને મળેલા ક્ષણિક જીવનનો સદ્‌ઉપયોગ કરી, ભક્તિથી જીવનને તરબોળ કરવાની તેમણે વાત કરી છે.

ગંગાસતીનાં ઘણાં ભજન પ્રચલિત બન્યાં છે. પ્રસ્તુત ભજનમાં એક આદર્શ સંત કેવા હોય એની વાત કરી છે. જેનામાં સર્વ ગુણનો વિકાસ થયો હોય એ શીલ છે. જેનું ચિત્ત શુદ્ધ હોય, જેના મનમાં શત્રુ કે મિત્ર એવા કોઈ ભેદ ન હોય, પ્રભુમાં જ જેનું મન પરોવાયેલું હોય, મન-વચન-કર્મ જેનાં એક હોય, આઠે પ્રહર આનંદમાં રહેતા હોય એવા સાધુને વારે વારે નમવાની વાત ગંગાસતીએ કરી છે.

શીલવંત સાધુને વારેવારે નમીએ,
જેના બદલે નહીં વર્તમાન રે.
ચિત્તની વૃત્તિ જેની સદાય નિરમળ,
જેને મા'રાજ થાય મહેરબાન રે....શીલવંત-૧
જેને શત્રુ ને મિત્ર એકે નહીં ઉરમાં,
જેને પરમાર્થમાં પ્રીત રે.
મન વચન ને વાણીમાં ચાલે ને
રૂડી પાળે એવી રીત રે. ...શીલવંત-૨
આઠે પો'ર મન મસ્ત થઈ રેવે,
જેને જાગી ગયો તૂરિયાનો તાર રે.
નામ ને રૂપ જેણે મિથ્યા કરી જાણ્યું ને
સદાય ભજનનો વ્યાપાર રે. ...શીલવંત-૩
સંગતુ કરો તો તમે એવાની કરશો ને
તો ઊતરશો ભવ પાર રે.
ગંગાસતી એમ બોલિયાં રે, પાનબાઈ
જેને વચનુંમાં વિશ્વાસ રે. ...શીલવંત-૪

('ગંગાસતીની ભજનગંગા'માંથી)

શબ્દ-સમજૂતી

શબ્દાર્થ / સમાનાર્થી શબ્દો

શીલવંત-શીલવાળું, સદાચારી, ચારિત્રવાન; **ઉર**-હૈયું; **મિથ્યા**-ફોગટ, વ્યર્થ; **પ્રહર**-ત્રણ કલાક, સાડા સાત ઘડી

તળપદા શબ્દો

નિરમળ-નિર્મળ; **રૂડી**-સારી; **મા'રાજ**-મહારાજ; **પરમારથ**-પરમાર્થ; **રે'વે**-રહે; **વચનુંમાં**-વચનોમાં; **વ્યાપાર**-વ્યવહાર; **પો'ર**-પ્રહર; **સંગતું**-સંગત

વિરુદ્ધાર્થી શબ્દો

નિર્મળ×મલિન; **શત્રુ**×મિત્ર; **વ્યવહાર**×દુર્વ્યવહાર

રૂઢિપ્રયોગ

નામ ને રૂપ મિથ્યા કરવું-નિર્મોહી થઈને જીવવું; **તુરિયાનો તાર જાગી ઊઠવો**-સમજણશક્તિનો ઉદય થવો. (ચોથી અવસ્થા, બ્રહ્મ અવસ્થા); **આઠે પહોર આનંદ**-હંમેશાં પ્રસન્ન રહેવું

શબ્દસમૂહ માટે એક શબ્દ

પારકાના હિત માટે કાર્ય કરવું-પરમાર્થ; **મલિન નથી તેવું**-નિર્મળ

સ્વાધ્યાય

1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(√)ની નિશાની કરો :

(1) 'જેને શત્રુ કે મિત્ર એકે નહીં ઉરમાં' - પંક્તિનો ભાવ શો છે ?

(A) બધા દુશ્મનો હોવાનો ભાવ (B) બધા મિત્રો હોવાનો ભાવ

(C) જીવનથી નિર્લેપ બનવાનો ભાવ (D) શત્રુને મિત્ર બનાવવાનો ભાવ

(2) 'શીલવંત સાધુ'નો શબ્દાર્થ

(A) ચારિત્ર્યવાન (B) શરમાળ

(C) નાશવંત (D) લજ્જાશીલ

2. નીચેના પ્રશ્નોનો એક વાક્યમાં ઉત્તર આપો :

(1) ભજનની અંતિમ પંક્તિમાં ગંગાસતી કોને ઉદ્દેશીને વાત કરી રહ્યાં છે ?

(2) શીલવંત સાધુના ચિત્તની વૃત્તિ કેવી હોય છે ?

3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો :

(1) ગંગાસતી પાનબાઈને કેવી વ્યક્તિની સંગત કરવાનું કહે છે ?

(2) કવયિત્રી વારંવાર નમવાનું શા માટે કહે છે ?

4. નીચેના પ્રશ્નનો સાત-આઠ લીટીમાં જવાબ આપો :

(1) 'શીલવંત સાધુ' તમે કોને કહેશો તે કાવ્યના આધારે જણાવો.

વિદ્યાર્થીની પ્રવૃત્તિ

- ગંગાસતીના પદને આધારે શીલવાન મનુષ્યનાં જે જે લક્ષણો વર્ણવ્યાં છે તેને ચાર્ટરૂપે રજૂ કરો. વર્ગની સંખ્યાના પાંચ ભાગ પાડી પદ વિશેના પાંચ ચાર્ટ્સ પણ તૈયાર કરાવી શકાય.
- સૌરાષ્ટ્રના પ્રવાસ આયોજનમાં ભાવનગર જિલ્લાના સમઢિયાળા ગામમાં આવેલ ગંગાસતીના આશ્રમના સમાધિસ્થાનની મુલાકાત ગોઠવો.

ભાષા-અભિવ્યક્તિ

- આપણા ભક્તિ સાહિત્યમાં રચાયેલાં પદ-ભજનો ગાવા માટે રચાયેલાં હતાં. નિશ્ચિત રાગને કારણે એ શ્રવણ-મધુર તો થયાં જ છે, પણ એ માધુર્યમાં કોઈને કોઈ શબ્દ વિશેષ ફાળો આપી ગયો છે. અહીં એકાંતરે, પંક્તિને અંતે 'રે' વપરાયો છે. નાદમાધુર્યમાં એનો ફાળો નાનોસૂનો નથી તે ધ્યાનમાં લો.
- લોકઢાળમાં રચાયેલા આ ભજનમાં 'દિન-રાત' કે 'સતત' જેવા શબ્દોને બદલે 'આઠે પહોર' શબ્દો વપરાયા છે. 'પહોર' એટલે પ્રહર-બરાબર ત્રણ કલાક થાય. ચાર પ્રહર દિવસના અને ચાર રાત્રિના ગણાય... આમ ચોવીસ કલાક થાય.
- સરળ-સહજ રીતે ગંગાસતીએ શીલવંત સાધુનાં લક્ષણો વર્ણવ્યાં છે. સાધુઓ તો ઘણા હોય પણ સાધુ શબ્દ આગળ મુકાયેલું 'શીલવંત' વિશેષણ 'સાધુ' અને 'કહેવાતા સાધુ' વચ્ચે તફાવત બતાવી દે છે તે સમજાયું હશે.
- અહીં 'વચન' અને 'સંગત'ના બહુવચનરૂપ 'વચનું' અને 'સંગતુ' વપરાયાં છે જે પ્રાદેશિક ખાસિયત બતાવે છે. બહુવચન માટે 'ઓ' ને બદલે 'ઉ' પ્રત્યયનો થતો ઉપયોગ સૌરાષ્ટ્રની પ્રાદેશિક ખાસિયત બતાવે છે.

શિક્ષકની ભૂમિકા

ચારિત્ર્યવાન હોય તેને જ સાધુ કહેવાય. વેશધારણ કરનારા બધા શીલવંત સાધુ ના પણ હોઈ શકે. સાચા સાધુની ઓળખ કેવી રીતે કરવી તે માટેનાં લક્ષણો ગંગાસતીએ આ કૃતિમાં રજૂ કર્યાં છે તે વિશે વિદ્યાર્થીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરવી.

પ્રસ્તુત કાવ્યમાં 'જેને જાગી ગયો તૂરિયાનો તાર રે' એવો ઉલ્લેખ આવે છે. તૂરિયા એટલે તૂરીવાદ્ય દ્વારા ઈશ્વર સાથે તંતુ જોડવો કે તંબૂર દ્વારા પ્રભુનું ધ્યાન લાગી જવું એવા સીમિત અર્થને બદલે તેનો વ્યાપક અર્થ સ્પષ્ટ કરવો. મનુષ્યજીવનની વિવિધ અવસ્થાઓ જેવી કે જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ પછી ચોથા પ્રકારની અવસ્થા તે તુરિયાવસ્થા છે જેને ધ્યાનાવસ્થા પણ કહી શકાય તેવી સમજ આપવી.

'અજવાળું હવે અજવાળું, ગુરુ આજ તમ આવ્યે અજવાળું...' *અને*

'ગુરુ બિન કૌન બતાવે બાટ' જેવાં ગુરુનો મહિમા દર્શાવતાં અન્ય કવિઓનાં ભજનોનો સંદર્ભ આપવો.

●